જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૮/૨૦૧૮ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૫૧૭/૧૮**

## સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનઃ

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એ" ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ સોલા હાઇકોર્ટ પો.સ્ટે.ના ખાતે વાહન ચોરીના ગુનામાં પકડાયેલ અર્જુન ધનાસિંગ ખડકા ઉવ.૨૦ રહે. મ.નં-૧૪૨ રબારીના છાપરા ભમ્મરીયા સોલા બ્રીજ નીચે સોલા અમદાવાદ મુળ વતન વાસી બ્લોક નં-એ/૭ ત્રીજો માળ પુજા એપાર્ટમેન્ટ દફતા મંદિર પાસે સેકટર-૩૧ નવી મુંબઇ મહારાષ્ટ્ર નાની વિરુધ્ધ દાખલ થયેલ ગુનાઓને ધ્યાને લઇ સદરી વિરુધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ ક્રમાંકઃ પીસીબી/ડીટીએન/પાસા/૭૭૫/૨૦૧૭ તા.૫/૧૧/૨૦૧૭ થી ખાસ જેલ પાલાર ભુજ ખાતે રાખવાનો હુકમ કરેલ હોય જે આધારે સદર પાસા અટકાયતીને સોલા પો.સ્ટે.ના સીનીયર પો.ઇન્સ. જી.એસ.શ્યાન તથા સેકન્ડ પો.ઇન્સ.શ્રી ડી.એચ.ગઢવી તથા સ્ટાફના માણસોએ આજરોજ તા.૦૭/૦૮/૨૦૧૮ ના રોજ ડીટેઇન કરી કલાક ૧૩/૦૦ વાગે ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપી સારી અને પ્રસંશનીય કામગીરી કરતી સોલા હાઇકોર્ટ પોલીસ.

## ઇગ્લીશદારૂનો ક્વાલીટી કેસ શોધી કાઢતી સોલા પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓએ પ્રોહિબીશન સંબંધીત પ્રવૃતિ જણાઈ આવેથી કાયદેસર કાર્યવાહી કરવાની સુચના મુજબ સેકટર-૧ સાહેબશ્રી તેમજ ઝોન-૧ સાહેબશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબશ્રી 'ક' વિભાગ તથા પોલીસ ઇન્સ્પેક્ટર જી.એસ.શ્યાન સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડની ટીમે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન બાતમી હકીકત આધારે જે.જે.હોસ્પીટલની સામે આવેલા રેલ્વેના પાટા પાસે આવેલ છાપરાની આગળ જાહેરમાંથી (૧) રોયલ સીલેક્ટ કંપનીના ડીલક્ષ વ્હીસ્કીના પ્લાસ્ટીકના ૧૮૦મીલીના ક્વાર્ટર કુલ નંગ-૨૩૦ કિ.રૂ.૨૩૦૦૦/-(૨)રોયલ નાઈટ મલ્ટ વ્હીસ્કીના પ્લાસ્ટીકના ૧૮૦મીલીના ક્વાર્ટર કુલ નંગ-૫૦ કિ.રૂ.૫૦૦૦/- (૩) માઉન્ટસ ૬૦૦૦ સુપર સ્ટ્રોંગ બિયરના ટીન નંગ-૧૬ કિ.રૂ.૧૬૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૨૯૬૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી બહેન રેખાબેન રમેશભાઈ નાજુભાઈ જાતે-નિનામા ઉ.વ.૫૦ રહેવાસી- જે.જે.હોસ્પીટલ સામે છાપરામાં રેલ્વે પાટાની બાજુમાં ચાણક્યપુરી ધાટલોડીયા અમદાવાદ તથા તપાસમાં મળી આવે તે તમામ વિરુધ્ધ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન પ્રોહિ ગુ.ર.ન.૫૧૭૮/૧૮ પ્રોહિ કલમ ૬૬(૧)બી,૬૫(એ)(ઈ),૧૧૬બી મુજબનો ગુન્હો રજી. કરી કાયદેસર કાર્યવાહી કરતી સોલા હાઈકોર્ટ પોલીસ

## -× નારોલ પોલીસ સ્ટેશન ×-

**આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત**

**શરીર/મીલ્કત સબંધી**

મે. શ્રી પોલીસ કમિશ્નર.સા.અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિ.શ્રી સેકટર-૦૨ સા.તેમજ ના.પો.કમિ.શ્રી.ઝોન-૦૬ સા.તેમજ મ.પો.કમિ.શ્રી "કે" ડીવીઝન અમદાવાદ શહેર સા.નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ ચોરી,લુટફાટ,ખંડણી જેવા મીલ્કત/શરીર સબંધી ગુનાઓ કરવાની ટેવવાળો ઇસમની અસામાજીક પ્રવુતી સબબ આરોપી નં.(૧) મોહસીનઅલી @ જાટા નવાબઅલી જાતે અંસારી ઉ.વ.૨૧ ધંધો-રી.ડ્રા. રહે બી/૫ અલ રહેમાની સોસાયટી ખાન રો હાઉસ મુસ્કાન ગોડાઉન નજીક જુહાપુરા વેજલપુર અમદાવાદ શહેર તથા નં.(૨) અસ્ફાકભાઇ@ અસ્પાક ગુલામમોહમદ જાતે મલેક ઉ.વ.૫૧ રહે મ.ન.૪ પાનવાળી ચાલી ચંડોળા પાસે શાહઆલમ ઇસનપુર અમદાવાદનાઓ વિરૂધ્ધ નારોલ પો.સ્ટેથી પાસા દરખાસ્ત ભરી પો.કમિ. શ્રી ને મોકલી આપતા નં.(૧) વિરૂધ્ધ પીસીબી/ડીટીએન/પાસા/૬૭૬/૨૦૧૮ તા.૩/૮/૨૦૧૮ થી પાસા અટકાયતી જામનગર જેલનો હુકમ કરતા તથા નં.(૨) પીસીબી/ડીટીએન/પાસા/૬૯૫/૨૦૧૮ તા.૭/૮/૨૦૧૮ પાસા અટકાયતી પાલારા-ભુજ જેલનો હુકમ કરતા આજરોજ હકીકત આધારે પકડી પાડી નારોલ પો.સ્ટે.પો.ઇન્સ.શ્રી એ સદર આરોપીને આજ-રોજ તારીખ.૦૭/૦૮/૧૮ હુકમની બજવણી કરી પાસા અટકાયતીને જામનગર જેલ ખાતે તથા ભુજ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.૦૭/૦૮/૨૦૧૮

## ઈંગ્લીશ દારૂનો ક્વોલીટી કેસ શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર - ૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન -૬ તથા ઇન્ચાર્જ મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝનનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગેરકાયદેર રીતે ચાલતા પ્રોહિ/જુગારના કેસો શોધી કાઢવા સુચના મળતા તેમજ સિનિયર પોલીસ ઈન્સપેકટરશ્રી આર.કે.અમીન સા.નાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

---

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ.આર.જી.ખાંટનાઓ સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા દાણીલીમડા શાહઆલમ સવેરા હોટલ પાસે જાહેર રોડ ઉપર આવતા સાથેના અનાર્મ હેડ.કોન્સ.કાનજીભાઇ અમીભાઇ તથા પો.કો.વિજયસિહ રજુસિહનાઓએ સંયુકત બાતમી હકીકત આપેલ કે અત્રેના પોલીસ સ્ટેશન પ્રોહિ.બુટલેગર આબીદ ઉર્ફે ડાંગો ઇકબાલભાઇ લુહાર રહે : ગની મેમણની ચાલી શાહઆલમ અમદાવાદ શહેરનાનો કેટલોક દારુનો જથ્થો રાખી લઇ દાણીલીમડા શાહઆલમ ભીલવાસ તલાવડીના કાચા છાપરામાં આવેલ ફરીદાબાનુના ઘર આગળ દારુનો જથ્થો ઉતારી રહેલ છે અને સગેવગે કરી રહેલ છે વિગેરે મતલબની હકિકત આધારે (૧) પરપ્રાતીય MCDOWELLS NO1 SUPERIOR WHISKY બ્રાન્ડની ઇંગ્લિશ દારુની બોટલો નંગ -૭૨ કુલ્લે કિ,રુ,૩૬,૦૦૦/ (૨) સી.એન.જી.ઓટો રીક્ષા જીજે-૦૧-ટીએ-૧૨૬૯ કિ,રુ,૮૦,૦૦૦/ તથા (૩) કાળા કલરનુ હોન્ડા એકટીવા જીજે.૦૧.એન.વાય.૦૦૩૯ કિ,રુ,૪૦,૦૦૦/ તથા (૪) સફેદ કલરનુ હોન્ડા એકટીવા નં.જીજે.૨૭.એ.એફ.૭૩૩૮ કિ,રુ,૩૫,૦૦૦/ તેમજ (૫) કાળા કલરનુ હોન્ડા એકટીવા નં.જીજે.૦૧.એન.વાય.૯૧૦૯ કિ,રુ,૪૫,૦૦૦/ મળી કુલ્લે કિ,રુ,૨,૩૬,૦૦૦/ નો મુદામાલ મુદામાલ કબજે કરી આરોપીઓ (૧) આબીદ ઉર્ફે ડાંગો ઇકબાલભાઇ લુહાર રહે : ગની મેમણની ચાલી શાહઆલમ અમદાવાદ શહેર તથા તેના મળતિયા માણસોને વોન્ટેડ બતાવી સદરી આરોપીઓ વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી ઇંગ્લિશ દારુનો ક્વોલીટી કેસ શોધી કાઢી સદરી આરોપીઓને પકડી પાડવા તજવીજ ચાલુ છે.

**<u>સુરક્ષા સેતુ રથ :</u>**

"નિકોલ" પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "નિકોલ" પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.










નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.